Date........................

Page........................

| | | |
|---|---|---|
| નામ | : | ચુડાસમા યુવરાજસિંહ સિધ્ધરાજસિંહ |
| વિષય | : | બેન્કિંગ એન્ડ ફાઈનાન્સ |
| પેપર કોડ | : | MJBAF - 101 |
| રોલ નં | : | 172 |
| PNR નં | : | COC2025172 |
| Sem | : | 1 |
| કોલેજ | : | આર આર લાલન કોલેજ ભુજ |
| મેજર વિષય | : | અર્થશાસ્ત્ર |
| Sign | : | |

Date........
Page........

Chudasama Pruthvirajsinh

① આર.બી.આઈની નાણાકીય નીતિ વિસ્તૃત રીતે સમજાવો ?

→ પ્રસ્તાવના :

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ભારતનું કેન્દ્રીય બેંક છે, જે 1935 માં સ્થાપિત થયું હતું. તેનું મુખ્ય કાર્ય ભારતની આર્થિક સ્થિરતા જાળવવાનું છે, જેમાં નાણાકીય નીતિ એક મહત્વપૂર્ણ ભાગ છે. નાણાકીય નીતિ દ્વારા RBI આર્થિક વૃદ્ધિ, મોંઘવારી ના નિયંત્રણ, રોજગારી અને નાણાકીય ક્ષેત્રની સ્થિરતા પર અસર કરે છે. આ નીતિને RBI ની મોનેટરી પોલિસી કમિટી (MPC) દ્વારા નક્કી કરવામાં આવે છે, જે 2016 માં સ્થાપેલી છે અને તેમાં 6 સભ્યો હોય છે. (3 RBI અને 3 સરકારી નોમિનેટેડ).

→ નાણાકીય નીતિ શું છે ?

નાણાકીય નીતિ એ એક એવા સાધનોનો સમૂહ છે જેનો ઉપયોગ સરકાર મધ્યસ્થ બેંક દ્વારા અર્થતંત્રમાં નાણાં પુરવઠાને નિયંત્રિત કરવા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે છે.

→ નાણાકીય નીતિના પ્રકારો :

નાણાકીય નીતિના ત્રણ પ્રકારો છે.

(1). વિસ્તારવાદી નાણાકીય નીતિ
(2). સંકોચવાદી નાણાકીય નીતિ
(3). તટસ્થ નાણાકીય નીતિ

શ્રી Chudasama Purvrajsinh

આ બંને નાણાંકીય નીતિઓના પ્રકારો દેશના આંતરિક અર્થતંત્ર ઉપર અને અન્ય દેશો સાથેના આર્થિક વેપાર ઉપર અલગ - અલગ અસરો ઉત્પન્ન કરે છે.

(1) વિસ્તારવાદી નાણાંકીય નીતિ :

"પૈસા વધારો, વ્યાજ ઘટાડો, અર્થતંત્ર ચલાવો"

| લક્ષણ | વર્ણન |
|---|---|
| ઉદ્દેશ્ય | આર્થિક વૃદ્ધિ વધારવી, બેરોજગારી ઘટાડવી, મંદી દૂર કરવી |
| સાધનોનો ઉપયોગ | રેપો રેટ ઘટાડો, CRR / SLR ઘટાડે, OMO દ્વારા બોન્ડ્સ ખરીદી, રિવર્સ રેપો ઘટાડે |
| અસર | લોન સસ્તી - રોકાણ વધે, ખર્ચ વધે ઉદ્યોગો ચાલે GDP વૃદ્ધિ |
| જોખમ | મોંઘવારી વધી શકે |
| ઉદા (2020) | COVID - 19 માં રેપો રેટ 4.00% સુધી ઘટાડ્યો, CRR 3% કર્યો ₹ 10 લાખ કરોડની લિક્વિડિટી ઉમેરાઈ |

કિ chudasama Purvrajsinh

(2) સંકોચનવાદી નાણાંકીય નીતિ :

'પૈસા ઘટાડો, વ્યાજ વધારો, મોંઘવારી રોકો'

| લક્ષણ | વર્ણન |
|---|---|
| ઉદ્દેશ્ય | મોંઘવારી નિયંત્રણ, અર્થતંત્રને ઓવરહીટ થવાથી બચાવવું. |
| સાધનોનો ઉપયોગ | રેપો રેટ વધારો, CRR/SLR વધારો OMO દ્વારા બોન્ડ્સ વેચાણ રિવર્સ રેપો રેટ વધારો |
| અસર | લોન મોંઘી → ખર્ચ ઘટે, રોકાણ ઘટે → માંગ ઘટે, મોંઘવારી ઘટે |
| જોખમ | વૃદ્ધિ ધીમી પડી શકે |
| ઉ.દા. | મોંઘવારી 7.8% પર → રેપો રેટ 6.50% સુધી વધાર્યો, OMO થી ₹ 1 લાખ કરોડ શોષાયા → CPI 5% નીચે આવી |

(3) તટસ્થ નાણાંકીય નીતિ :

'સંતુલન જાળવો - ન વધારો, ન ઘટાડો'

ફ્રિ chudasama Purvrajsinh

| વિષય | વર્ણન |
| --- | --- |
| ઉદ્દેશ્ય | મોંઘવારી અને વૃદ્ધિ વચ્ચે સંતુલન |
| સ્થિતિ | ભારત અર્થતંત્ર સ્થિર હોય (CPI - 4%, GDP - 7%) |
| સાધનો | રેપોમાં ફીક્સ ઇન્ટરેસ્ટ નક્કી, લિક્વિડિટી નિયંત્રણ OMO / MSF નો મર્યાદિત ઉપયોગ |
| અસર | અર્થતંત્ર સ્થિર ગતિએ ચાલે |
| ઉ.દા. | ઓક્ટોબર 2025માં રેપો રેટ 6.50% પર સ્થિર, CPI 4.8%, GDP 7% 6 Neutral stance |

→ નાણાકીય નીતિના મુખ્ય ઉદ્દેશ્યો :

RBI ની નાણાંકીય નીતિના મુખ્ય ધ્યેયો નીચે મુજબ છે :

(1). મોંઘવારી નિયંત્રણ :

RBI નો પ્રાથમિક ધ્યેય 4% મોંઘવારી જાળવવાનો છે, જેની ± 2% ટોલરન્સ છે. આ 2016 ના નાણાંકીય નીતિ ફ્રેમવર્ક હેઠળ નક્કી થયું છે.

(2). આર્થિક વૃદ્ધિ :

GDP વૃદ્ધિને પ્રોત્સાહન આપવું, ખાસ કરીને નબળી વૃદ્ધિના સમયે.

Scanned with OKEN Scanner

(3). નાણાંકીય સ્થિરતા :
બેંકોમાં મૂડીની પર્યાપ્તતા, લિક્વિડિટી અને નાણાંકીય ક્ષેત્રનું જોખમ ઘટાડવું.

(4). રોજગારી અને વિનિમય દર :
રોજગારી વધારવી અને રૂપિયાના મૂલ્યને સ્થિર રાખવું.

→ નાણાંકીય નીતિનાં સાધનો :

RBI તેની નાણાંકીય નીતિને અમલમાં મૂકવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ સાધનોનો ઉપયોગ કરે છે. આ સાધનો દ્વારા RBI લિક્વિડિટી (પૈસાનો પુરવઠો), વ્યાજ દરો અને બેંકોની ક્રેડિટ આપવાની ક્ષમતાને નિયંત્રિત કરે છે.

(1). પ્રત્યક્ષ સાધનો :
આ સાધનો પૈસાના પુરવઠાને સીધું અસર કરે છે અને તેનો પ્રભાવ અર્થતંત્ર પર પડે છે.

| સાધન | વર્ણન | ઉદ્દેશ્ય | અસર | દર (2025) |
| --- | --- | --- | --- | --- |
| રેપોરેટ | RBI બેંકોને ટૂંકા ગાળાની લોન આપે છે તેના પરનો વ્યાજદર બેંકો તેમના બોન્ડ્સ RBIને ગીરવે મૂકીને લોન લે છે. | મોંઘવારી નિયંત્રણ અને વ્યાજ દરોનું નિર્ધારણ | વધારો → લોન મોંઘી → ક્રેડિટ ઘટે → મોંઘવારી ઘટે ઘટાડો - લોન સસ્તી → ક્રેડિટ વધે → વૃદ્ધિ વધે | 6.50% |

Scanned with OKEN Scanner

Date..................
Page..................

chudasama Yuvrajsinh

| સાધન | વર્ણન | ઉદ્દેશ્ય | અસર | હાલ (2025) |
|---|---|---|---|---|
| રિવર્સ રેપોરેટ | RBI બેંકો પાસેથી અતિરિક્ત નાણાં લે છે તેના પરનો વ્યાજ દર | બજારમાંથી પૈસા ખેંચી લેવા. | બેંકોને RBI માં પૈસા જમા કરવા પ્રોત્સાહન → લિક્વિડિટી ઘટે. | 6.25 % (રેપો રેટ, 0.25 % ઓછો) |
| CRR | બેંકોએ તેમની જમા રકમનો હિસ્સો RBI માં રોકડમાં જમા રાખવો | બેંકોની ક્રેડિટ આપવાની ક્ષમતા ઘટાડવી વધારવી. | વધારો → બેંકો પાસે ઓછા પૈસા → ક્રેડિટ ઘટે ઘટાડો → વધુ ક્રેડિટ | 4.50 % (સ્થિર) |
| SLR | બેંકોએ તેમની નેટ ડિમાન્ડ એન્ડ ટાઈમ લાયબિલિટી નો હિસ્સો સરકારી બોન્ડ્સ ગોલ્ડ વગેરેમાં રાખવો | બેંકોની લિક્વિડિટી અને સરકારી ધિરાણ ને નિયંત્રણ | બેંકોને સુરક્ષિત અસ્કયામતો માં રોકાણ કરાવે. | 18.00 % |

(2). પરોક્ષ સાધનો :

આ સાધનો ક્રેડિટના વિતરણને નિયંત્રિત કરે છે અને ચોક્કસ ક્ષેત્રો પર અસર કરે છે.

Date..........
Page..........

Chudasama Yuvrajsinh

| સાધન | વર્ણન | ઉદ્દેશ્ય | ઉદા. |
|---|---|---|---|
| OMO | RBI સરકારી બોન્ડ ખરીદે વેચે છે. | બજારમાં લિક્વિડિટી વધારવી ઘટાડવી. | ખરીદી → પૈસા બજારમાં → લિક્વિડિટી વધે. વેચાણ → પૈસા ખેંચાય → મોંઘવારી ઘટે. |
| માર્જિનલ રિક્વાયર્મેન્ટ્સ | કેટલીક લોન પર ગીરવે મૂકવાની રકમ વધારવી | ચોક્કસ ક્ષેત્રોમાં ક્રેડિટ ઘટાડવી | રિયલ એસ્ટેટમાં બબલ હોય તો માર્જિન વધારી |
| મોરલ સુએશન | RBI બેંકોને સલાહ દબાણ સાથે | નીતિનું પાલન કરાવવું | "કૃષિ ક્ષેત્રને વધુ લોન આપો" |
| ક્રેડિટ રેશનિંગ | RBI ચોક્કસ સેક્ટર માટે ક્રેડિટ મર્યાદા નક્કી કરે | બિનઆવશ્યક ક્ષેત્રમાં ક્રેડિટ ઘટાડવી | લક્ઝરી કાર લોન પર મર્યાદા. |

→ મોનેટરી પોલિસી કમિટી :

રચના : ગવર્નર, ડેપ્યુટી ગવર્નર અને 4 નિષ્ણાંતો

બેઠકો : વર્ષમાં 6 વખત

સંચાલિત નિર્ણય પ્રક્રિયા : મોટે ભાગે ઈન્ફ્લેશન ટાર્ગેટિંગ પર આધારિત, જેમાં આર્થિક ડેટા વિશ્લેષણ કરવામાં આવે છે.

Date........
Page........

નામ chudasama Puvrajsinh

(૨) વિશિષ્ટ ગ્રાહકોના પ્રકારો જણાવો :

વિશિષ્ટ ગ્રાહકો આધુનિક બેંકિંગ વિસ્તાર, વિકાસ અને આર્થિક પ્રગતિનું પ્રતિબિંબ છે.

(1). નાના ગ્રાહકો :

નાના (Minor) ગ્રાહક છે.

ભારતમાં 18 વર્ષથી નાની ઉંમરની વ્યક્તિને કાયદા મુજબ 'નાના' કહેવામાં આવે છે નાના વ્યક્તિ પોતાના નામે કરાર કરી શકતા નથી, એટલે બેંક ખાતું પણ પોતાના નામે એકલા ચલાવી શકતા નથી.

- નાનાનું બેંક ખાતું કેવી રીતે ખોલાય ?

ખાતું નાનાના નામે ખોલાય પણ તેના માતા-પિતા કે કોઈ કાયદા નિમાયેલ ગાર્ડિયનની સાથે ખોલવું પડે

- 18 વર્ષ પુરા થાય ત્યારે શું થાય ?

જ્યારે Minor વ્યક્તિ 18 વર્ષની થાય છે બેંક તેને પત્ર લખે છે કે નવું KYC કરાવો, નવી સહી આપવી પડે.

(2) અભણ ગ્રાહકો :

જે વ્યક્તિ વાંચી-લખી શકતા નથી કે પોતાનું નામ પણ લખી શકતા નથી, તેને બેંકિંગમાં સહી કરવાને બદલે આંગળીનો ઠીપો આપે છે.

Scanned with OKEN Scanner

Chudasama Yuvrajsinh

અંગૂઠાના નિશાના નિયમો :

પુરુષ → ડાબા હાથનો અંગૂઠો
સ્ત્રી → જમણા હાથનો અંગૂઠો

• ખાતું ખોલવાની પ્રક્રિયા

ફોટો જરૂરી છે અને ઓળખમાં ઓછા ૨ સાક્ષીઓ જરૂરી છે જે લખતા - વાંચતા હોય, વિડિયો KYC પણ કરાવી શકાય.

(3). અંધ ગ્રાહક :

આજના વ્યક્તિની બિલકુલ અલગ - અંધ વ્યક્તિને બેંકમાં સંપૂર્ણ સ્વતંત્ર ગ્રાહક ગણવામાં આવે છે. તે વાંચી - લખી શકે છે તે સહી કરી શકે છે કારણ કે તેની ક્ષમતા પૂર્ણ છે RBI ની સ્પષ્ટ સૂચના છે : અંધ વ્યક્તિઓ સ્વતંત્ર છે બેંકમાં ખાતું ખોલાવવા માટે સ્વતંત્ર છે.

• ખાતું ખોલવાની પ્રક્રિયા :

સામાન્ય ગ્રાહક જેવું જ ફોર્મ ભરાય છે સહી પોતે જ કરે છે. ફોટો અને KYC

(4). પરણિત મહિલા :

આજે પરણિત મહિલા 100% સ્વતંત્ર છે. તે પોતાના નામે ખાતું ખોલી શકે ચલાવી શકે, લોન લઈ શકે લોકર લઈ શકે - બેંક જ પતિની પરવાનગી કે સહીની જરૂર નથી.

Chudasama Yuvrajsinh

## (5). પાગલ / માનસિક રીતે અસ્વસ્થ ગ્રાહક :-

પ્રયાજ્ય સ્થિતિ :

ભારતીય કરાર કાયદો કહે છે કે વ્યક્તિ માનસિક રીતે સ્વસ્થ નથી અને વસ્તુની સમજ નથી, તે કરાર કરી શકતો નથી એટલે તેનું બેંક ખાતું એકલું ચલાવી શકાય નહીં અને નવું ખાતું પણ ખોલી શકાય નહીં.

બેંકને ખબર થાય તો શું થાય ?

જો બેંકને ખબર પડે કે ગ્રાહક માનસિક રીતે અસ્વસ્થ છે, તો બેંક તરત જ ખાતું બંધ કરી દે છે.

## (6). જોઈન્ટ ખાતું અને તેના પ્રકારો :-

- જોઈન્ટ ખાતું શું છે ?

એક જ ખાતું જેમાં 2 કે તેથી વધુ વ્યક્તિઓનું નામ હોય અને તેઓ બધા માલિક હોય, સૌથી વધુ પતિ - પત્ની, માતા - પિતા - દિકરા, ભાઈ - ભાઈ, બિઝનેસ પાર્ટનર વચ્ચે થાય છે.

- જોઈન્ટ ખાતાના મુખ્ય 4 પ્રકાર :-

1). Either or Survivor (EorS) - સૌથી વધુ પ્રચલિત

બંનેમાંથી કોઈ એક પણ ચલાવી શકે.
બાકીની વ્યક્તિને આખું ખાતું મળી જાય છે.

Date.....................
Page.....................

ति chudasama Yuvrajsinh

2. Anyone or Survivor - બધા કે એક પણ

બધા કે એક પણ ચલાવી શકે
બાકી રહેલા સર્વાઈવરને મળે

3. Jointly operated - બધાએ સાથે મળીને

બધાની સહી જરૂરી
મૃત્યુ પછી પણ બધાની સહી જરૂરી રહે.

4. Former or Survivor - પહેલા વ્યક્તિ મુખ્ય

માત્ર પહેલી વ્યક્તિ ચલાવે, બીજી નહીં.
પહેલી વ્યક્તિ મરે તો બીજાને મળે.

(7) પાર્ટનરશિપ ફર્મ ગ્રાહક :

1. પાર્ટનરશિપ ફર્મ શું છે?

બે કે તેથી વધુ વ્યક્તિઓએ મળીને બિઝનેસ ચલાવવા માટે બનાવેલી સંસ્થા. ભારતમાં આ Indian Parternarship Act 1932 હેઠળ આવે છે

(8) હિન્દુ અવિભાજિત કુટુંબ ગ્રાહક :

HUF શું છે?

હિન્દુ, જૈન, શીખ અને બૌદ્ધ કુટુંબ માટે જ છે એક અલગ કાનૂની વ્યક્તિ માનવામાં આવે છે. આમાં પૈતૃક મિલકત + કુટુંબની કમાણીનો ઉમેરો થાય છે. ટેક્સ રિટર્ન અલગ ભરાય છે. PAN અલગ હોય છે

Scanned with OKEN Scanner